# રાજકોટ હોમિયોપેથીક કોલેજને બી ગ્રેડ :

નેશનલ એક્રીડીટેશન એસેસમેન્ટ કાઉન્સીલ-ઈન્ડીયા (બેંગ્લોર) દ્વારા હરીઓમ આરોગ્ય સેવા




મંડળ સંચાલીત તથા સૌરાષ્ટ્ર યુનીવર્સીટી સંલગ્ન રાજકોટ હોમિયોપેથીક મેડીકલ કોલેજ, રાજકોટને બી ગ્રેડ મળેલ. સૌરાષ્ટ્ર યુનીવર્સીટીની હોમિયોપેથીક વિદ્યાશાખામાં સન્માન મેળવનાર પ્રથમ કોલેજ છે. ગુજરાત રાજ્યમાં બીજી કોલેજ છે. અને ભારતમાં ચોથી કોલેજ છે. નેશનલ એક્રીડીટેશન એવોર્ડઝ સેરીમનીના પ્રસંગે યુ.જી.સીના વા. ચેરમેન પ્રો. વેદપ્રકાશ નેક ડાયરેકટર પ્રો. રંગનાથ તથા નેક ચેરમેન પ્રો. મહેતા દ્વારા કોલેજના આચાર્ય ડો. બી.પી.પંડાને રૂબરૂ સર્ટીફીકેટ દ્વારા સન્માનિત કરેલ છે. આ પ્રસંગે કોલેજનાં મેનેજીંગ ટ્રસ્ટી ડો. જે.કે.પટેલે અભિનંદન પાઠવેલ તેમજ હોમિયોપેથીક ડોકટર અને આર.એચ.એમ.સી. પરિવાર આનંદની લાગણી વ્યકત કરેલ છે.(૨૨.૧૩)